આપણું પોતાનું અખબાર

જો તમે હસી શકતા હો તો જરૂર હશો, એ જ સફળ અને સસ્તી દવા છે
- બાયસન

# ગાંધીનગર સમાચાર



Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૧૪ | ૨૫ માર્ચ, ૨૦૧૩, સોમવાર; ફાગણ સુદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# હોમલોન-એજયુકેશન લોનના લાભાર્થી વધ્યા

## જિલ્લાનો ક્રેડિટ-ડિપોઝીટ રેસિયો સુધર્યો : સ્વરોજગારીની યોજનાઓની ધિરાણ અરજીઓનાં નિકાલમાં ઉદાસીનતા : કૃષિક્ષેત્રમાં ધિરાણ ઘટયું

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર જિલ્લામાં હોમલોન અને એજયુકેશન લોન મેળવનાર ગ્રાહકોની સંખ્યામાં વધારો થવા પામ્યો છે જયારે કૃષિ વિષયક ધિરાણ મેળવનારાઓની સંખ્યામાં ઘટાડો જોવા મળી રહ્યો છે.

બેકિંગ ક્ષેત્રના વિશ્વસનીય સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે જિલ્લાનો ક્રેડીટ ડિપોઝીટ રેસિયો ડિસે.૧૨ સુધીમાં ૪૯.૫૦ ટકા સુધીનો રહેવા પામ્યો છે. જો કે માર્ચના અંતે તેમાં સુધારો થતો જોવા મળશે તેવો વિશ્વાસ બેકિંગ વર્તુળો ધરાવે છે.

મળતી વિગતો પ્રમાણે ડિસેમ્બરના અંત સુધીમાં હોમલોન, એજયુકેશન લોન મેળવનાર લાભાર્થીઓની સંખ્યામાં વધારો થયો છે અને ઓકટોબરથી ડિસેમ્બરના ત્રિમાસિક ગાળામાં ૧૦૦ કરોડનું ધિરાણ બેંકો દ્વારા આ ક્ષેત્રોમાં કરવામાં આવ્યું છે.

કૃષિ ક્ષેત્રે ધિરાણ મેળવનાર લાભાર્થીઓની સંખ્યામાં ઘટાડો જોવા મળી રહ્યો છે. ચિંતાજનક હકીકતો એવી છે કે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ નિયત કરેલા માપદંડો કરતાં પણ ઓછું ધિરાણ કૃષિ અને કૃષિ સંલગ્ન ક્ષેત્રોમાં જોવા મળી રહ્યું છે.

ઓકટોબરથી ડિસેમ્બરના ગાળા દરમિયાન ઉદ્યોગોમાં ધિરાણ ૧૨૦ કરોડની આસપાસ રહેવા પામ્યું હોવાનું પણ સૂત્રોમાંથી જાણવા મળી રહ્યું છે.

બેંકોની ડિપોઝીટોમાં જે જુનથી સપ્ટેમ્બરના ગાળામાં ઘટાડો નોંધાયો હતો તેમાં સુધારો જોવા મળી રહ્યાના સંકેતો આપતાં બેંકિંગ ક્ષેત્રના સૂત્રોએ જણાવ્યું છે કે માર્ચના અંત સુધીમાં ડિપોઝીટોમાં સારો એવો વધારો થશે. ધિરાણોમાં પણ આંક સુધરશે અને જિલ્લાનો ક્રેડિટ ડિપોઝીટ રેસિયો ૫૨ ટકાને પણ પાર કરી જાય તેવી શકયતાઓ છે.

જો કે સ્વરોજગાર માટેની સરકારની વિવિધ સહાય યોજનાઓમાં હજુ લક્ષ્યાંકો સિધ્ધ થયા નથી અને ખાસ કરીને ખાનગી બેંકો દ્વારા સ્વરોજગારની યોજનાઓમાં ધિરાણ ઓછું જોવા મળી રહ્યું છે.

સ્વરોજગારીની વિવિધ યોજનાઓમાં ઘણી બધી અરજીઓ પડતર રહેવા પામી છે. આ અંગે જિલ્લા તંત્ર એ વારંવાર તાકીદ પણ કરી હોવા છતાંય હજુ બેંકો દ્વારા આ બાબતમાં નકારાત્મક અભિગમ અપનાવવામાં આવી રહ્યાનું જોવા મળી રહ્યું છે.

બેકિંગ ક્ષેત્રના સૂત્રોનું કહેવું છે કે સખી મંડળોને કેશ ક્રેડિટ મંજૂર કર્યા પછી પણ તેમના દ્વારા આ રકમનો ઉપાડ કરવામાં આવી રહ્યો નથી અને બેંકિંગ ક્ષેત્ર તો તેના ધિરાણ લક્ષ્યાંક

# ગુજરાતના વહીવટી તંત્રમાં તોળાઈ રહેલા ફેરફાર

## વિધાનસભાની ખાલી પડેલી ચાર બેઠકોની પેટા ચૂંટણી પછી મંત્રીમંડળનું વિસ્તરણ અને બોર્ડ-નિગમમાં નિમણુંકો થવાની શક્યતા

ગાંધીનગર, તા. ૨૪

ગુજરાત વિધાનસભાના સત્ર પછી વહીવટી તંત્ર અને સરકારમાં ફેરફારો થાય તેવા નિર્દેશો મળે છે. કેટલાક ઉચ્ચ અધિકારીઓ પાસે વિભાગોના વધારાના હવાલા હોવાથી આ ફેરફારો થાય તેમ છે. બીજી તરફ મંત્રીમંડળનું વિસ્તરણ થવાની પુરી શક્યતા છે પરંતુ તે વિધાનસભાની ખાલી પડેલી ચાર બેઠકોની પેટા ચૂંટણી પછી સંભવ છે.

એપ્રિલ મહિનાના પહેલા સપ્તાહમાં સત્ર સમાપ્તિ બાદ વહીવટી તંત્રમાં મોટાપાયે ફેરબદલ થઈ શકે છે. અલગ અલહ વિભાગોમાં ફરજ બજાવતા આઈએએસ અધિકારીઓની વિભાગવાર તેમજ જિલ્લામથકોએ ફરજ બજાવતા ઉચ્ચ અધિકારીઓની બદલીઓના અણસાર છે. એ જ પ્રમાણે પોલીસ વિભાગમાં ફરજ બજાવતા આઈપીએસ અધિકારીઓની ફેરબદલ થવાના ચાન્સ જોવા મળે છે. ઉલ્લેખનીય છે કે નવા ડીજીપી અને નવા સીએસ આવ્યા પછી મોટાપાયે બદલીઓ થઈ નથી. જે અધિકારી પાસે એક કરતા વધારે હવાલા છે તેમને વધારાના ચાર્જમાંથી મુક્ત કરવા પડે તેમ હોવાનું સૂત્રો જણાવે છે.

ગુજરાતમાં ભાજપની નવી સરકારના ગઠન પછી વાયબ્રન્ટ ઈન્વેસ્ટર્સ સમિટ અને વિધાનસભાનું અંદાજપત્ર સત્ર શરૂ થયું હોવાથી ઉચ્ચ અધિકારીઓના વર્તમાન પોસ્ટીગમાં મોટા ફેરફાર થઈ શક્યા નથી. હવે એપ્રિલ મહિનામાં પ્રમોશન તેમજ બદલીઓ થાય તેમ મનાય છે.

ગુજરાત વિધાનસભામાં ખાલી પડેલી વિધાનસભાની ચાર બેઠકો અને લોકસભાની બે બેઠકોની પેટાચૂંટણી એપ્રિલના અંત થી મે ના પ્રથમ પખવાડિયા દરમ્યાન યોજાય તેવી સંભાવના છે. આ પેટા ચૂંટણી પછી મંત્રીમંડળના વિસ્તરણના સંજોગો જોવામાં આવે છે. ૨૦૧૪?? લોકસભાની ચૂંટણી આવતી હોવાથી મંત્રીમંડળમાં બીજા આઠ થી દસ સભ્યોનો ઉમેરો સંભવ છે. હાલ મુખ્યમંત્રી સાથે ૧૭ સભ્યોની કેબિનેટ છે.

મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી કેબિનેટના વિસ્તરણ ઉપરાંત બોર્ડ-કોર્પોરેશનમાં રાજકીય નિમણૂકો પણ કરે તેવી સંભાવના છે. ખાસ કરીને ગુજરાત વિઝિલન્સ કમિશનર તરીકે હાલ કાર્યરત ડો.મંજુલા સુબ્રમણ્યમની મુદત પણ પુરી થઈ રહી છે ત્યારે આ જગ્યાએ પૂર્વ ચીફ સેક્રેટરી એ.કે.જોતિ અથવા સનદી અધિકારી વી.એસ.ગઢવીને નિમણૂક થાય તેમ મનાય છે. જો કે મંજુલા સુબ્રમણ્યમની મુદતમાં વધારો પણ થઈ શકે છે.



(તસવીર : દિપક જાની)

ઘરનું ઘર - દરેકને એક સ્વપ્ન હોય છે કે મારે પણ એક ઘર હોય. ઘરના ઘરનો મુદ્દો ભલે અત્યારે રાજકીય વાતાવરણમાં ગરમાયેલો જોવા મળી રહ્યો છે પણ અહિ હિંચકામાં એક માળો બનાવી અદરંગ ચકલીએ પોતાનું ઘર સલામત રીતે વિકસાવ્યું છે અને પોતાના પરિવારને સલામતી પુરી પાડી છે....

# સે-૩માં ગટર સફાઈ કામદારનું ગુંગળામણથી મોત

## ગટરમાં જવા જતાં મીથેન ગેસથી બેભાન થઈ ગયા બાદ ગુંગળામણથી મોતને ભેટયો : અગાઉ બનેલા આવા કિસ્સાઓ બાદ કોર્ટની ટકોર છતાં સેફટી વગર ડ્રેનેજ સફાઈ માટે કામદારોને મોકલાય છે

ગાંધીનગર, તા.૨૪

કોઈ પણ પ્રકારની સેફટી રાખ્યા વિના જ તંત્ર કે કોન્ટ્રાકટરો દ્વારા કામદારોને ડ્રેનેજ લાઈન સાફ કરવા માટે ગટરમાં ઉતારી દેવાથી કામદારોના ગુંગળાઈ જવાથી મૃત્યુના સંખ્યાબંધ કિસ્સાઓ અગાઉ બનેલા છે. જેને પગલે કોર્ટ દ્વારા ટકોર કરવામાં આવી હતી કે સેફટી વિના ગટરમાં કામદારોને ઉતારવા નહીં. તેમ છતાં પણ કામદારોને ગટરમાં કોઈજ સેફટી વિના ઉતારાતા હોવાનું બહાર આવ્યું છે. સે-૩માં નવરાત્રી ચોકમાં ગટર સાફ કરવા ગયેલા એક કામદારનું ગટરમાં જ ગુંગળામણથી મૃત્યુ થઈ ગયાનો કિસ્સો બનતા ચકચાર મચી જવા પામી હતી. બે કલાક મૃતદેહ સ્વીકારવાનો પરિવારજનોએ કરેલા ઈન્કાર બાદ પોસ્ટમોર્ટમ કરાવીને મૃતદેહ સ્વિકારી લેવાયો હતો. સે-૭ પોલિસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી તપાસનો દોર શરુ કર્યો છે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ ગાંધીનગર શહેરના સેકટર-૩-બી નવરાત્રી ચોકમાં સવારે પોણા દસ વાગ્યાના અરસામાં તંત્ર દ્વારા ડ્રેનેજ લાઈન સાફ કરવા કોન્ટ્રાકટર હેઠળના કામદારો મોકલ્યા હતાં. જેટીંગ મશીન લઈને આવેલા બે કામદારોએ





ગટર સાફ કરવાની તૈયારી કરીને ગટરનું ઢાંકણું ખોલ્યું હતું. મુળ ધંધુકાનો અને હાલ સેકટર-૨૦ના છાપરામાં રહેતો ૩૦ વર્ષીય કામદાર મંગાભાઈ જીવાભાઈ મારૂડાને ગટરમાં સફાઈ માટે કોઈ જ સેફટી વગર અંદર ઉતાર્યા હતાં. ગટરમાં રહેલો મિથેન ગેસ હવા કરતા ભારે હોવાથી લાઈનમાં ભરાયેલો હતો જેથી ગેસ શ્વાસમાં જતાં જ અંદર ઉતરેલો કામદાર બેભાન થઈ ગયો હતો પાંચેક મિનિટ સુધી મંગાભાઈની કોઈ જ હિલચાલ કે અવાજ ન સંભળાતા તેની સાથે આવેલી બીજા કામદારે બુમાબુમ

● અનુસંધાન પાન-૭ પર


